જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૪/૨૦૧૫ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી ધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૭૮૭/૧૫

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૮ કેસ કરી ૧૫ વ્યક્તિઓને ઝડપી, ૧૨૫ લીટર દેશી દારૂ, ૨ ઈંગ્લીશ દારૂ અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ.

તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૭૮૮/૧૫

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૭૮૯/૧૫

સાબરમતીઃ જ્યોત્સનાબહેન સતીશભાઈ મિસ્ત્રી (રહે.ચોથો માળ આનંદ સ્કવેર ત્રાગડ રોડ સાબરમતી) એ તા.૨૦/૧/૧૫ નારોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૪/૧૫ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે જ્યોત્સનાબહેનના ઘરે એક વ્યંઢળ જેવો માણસ આવી જ્યોસનાબહેને વિશ્વાસમાં લઈ સોનાનુ મંગળસુત્ર અને સોનાની વિંટી મળી કિમત રૂપિયા ૨૪,૦૦૦/- મતા લઈ જઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ હે.કો.શ્રી રમેશભાઈ બીજલભાઈ ચલાવે છે.

દુષ્પ્રેરણની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૭૯૦/૧૫

વેજલપુરઃ ફરીદભાઈ હાજીમોહમદ પંચી (રહે.સાઈડ સર્વિસ સ્લમ ક્વાર્તર્સ ગંજ સહીદ દરગાહ પાસે દાણીલીમડા) એ વેજલપુર પોલીસ સમક્ષ ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૪/૧૫ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે ફરીદભાઈની પુત્રી મહેજબીન (ઉ.વ.૨૩) એ તેના પતિ ઈકબાલભાઈ સલીમભાઈ પાલીવાલા અને સાસુ-સસરાના માનસીક તેમજ શારીરીક ત્રાસના કારણે ખોડીયારનગર બ્રીજ ઉપરથી નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી છે. ગુનાની જગ્યા દાણીલેમડા વિસ્તાર હોઈ આ ગુનાની તપાસ દાણીલીમડા પોલીસ સ્ટેશન તરફ કરી છે.

ઘરફોડઃ- સમાચાર યાદી નં.૭૯૧/૧૫

સરખેજઃ પ્રહલાદભાઈ ત્રિભોવનદાસ પટેલ (રહે.લિબાની કોમ્પલેક્ષ આંબલી ગામ બોપલ સરખેજ) એ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધવી છે કે તા.૧૯/૪/૧૫ રાતના ૧૧/૦૦ થી તા.૨૦/૪/૧૫ સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનો દરવાજો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના અને રોકડ રૂપિયા ૮૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ એમ પઠાણ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

ચોરીઃ- સમાચાર યાદી નં.૭૯૨/૧૫

વસ્ત્રાપુરઃ વર્ષાબહેન કિશોરભાઇ મરાઠી (રહે. ઉમીયા બંગ્લોઝ એરપોર્ટની બાજુમા હાંસોલગામ સરદારનગર) એ તા.૧૬/૪/૧૫ બપોરના ૪/૩૦ થી સાંજના ૬/૩૦ વાગ્યા દરમ્યાન એસ જી હાઈવે ગ્રાન્ડ ભગવતી હોટલ આગળ પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી પર્સની ચોરી કરી લઈ ગઈ છે. પર્સમાં સોનાની વીંટી નંગ-૨, ડાયમંડની બુટ્ટી, રેમન્ડના ચશ્મા, તથા કોસમેટીક ચીજ-વસ્તુઓ કિંમત રૂપિયા ૫૦૦૦/-, મોબાઈલ ફોન નંગ-૨ અને રોકડ રૂપિયા ૭૦૦૦/- મળી કુલ રૂપિયા ૭૪,૫૦૦/- મતાની હતી.આ અંગેની ફરીયાદ વર્ષાબહેન મરાઠીએ તા.૨૦/૪/૧૫ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી સવજીભાઈ તળજાભાઈ ચલાવે છે.

સોનાની ચેઈન ખેંચી તોડી લઈ ગયાઃ- સમાચાર યાદી નં.૭૯૩/૧૫

એલીસબ્રીજઃ કવિતાબહેન અમીતભાઈ શાહ (રહે.કલ્પવૃક્ષ-૨ પીટી કોલેજ રોડ પાલડી) તા.૨૦/૪/૧૫ સવારના ૭/૧૦ વાગ્યાના સુમારે ચંદ્રનગર કુમકુમ હોટલ આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ કવિતાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૩૫,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ કવિતાબહેને એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી ડી વસાવા ચલાવે છે.

વાહન ચોરીઃ- સમાચાર યાદી નં.૭૯૪/૧૫

રામોલઃ મહેન્દ્રસિહ ગુલાબસિહ રાજપુત (રહે.ઉમિયાનગર સોસાયટી તક્ષશિલા સ્કુલ પાછળ વસ્ત્રાલ) એ તા.૧૩/૪/૧૫ રાતના ૧૦/૩૦ વાગ્યાથી તા.૧૪/૪/૧૫ સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન રહેણાંક નજીક પાર્ક કરેલ પોતાની ઈકો કાર નંબર જીજે ૨૭ એએચ ૧૮૧૫ કિમત રૂપિયા ૪,૦૦,૦૦૦/- આરોપી દિગ્વિજયસિહ ઉર્ફે દિગુ ગંભીરસિહ જાડેજા (રહે.સદગુરૂ હોમ્સ ન્યુ મણીનગર) ચોરી કરી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ મહેન્દ્રસિહ રાજપુતએ તા.૨૦/૪/૧૫ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ એ દેસાઈ ચલાવે છે.

વસ્ત્રાપુરઃ ઉર્વેશ ઘનશ્યામભાઈ પ્રજાપતી (રહે.કેવલકુજ સોસાયટી કેકેનગર ચારરસ્તા પાસે રત્નાપાર્ક ઘાટલોડીયા) એ તા.૧૮/૪/૧૫ સાંજના ૭/૦૦ વાગે વસ્ત્રાપુર જી એમ ડી સી ગ્રાઉન્ડ ખાતે હોન્ડા સેન્ટ્રો કાર નંબર જીજે ૨૪ એ ૭૫૧૫ કિમત રૂપિયા ૭૫,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી સવા કલાકમાં થઈ હતી. આ અંગેની ફરીયાદ ઉર્વેશ પ્રજાપતિએ તા.૨૦/૪/૧૫ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે જે ચાવડા ચલાવે છે.

આત્મહત્યાઃ- સમાચાર યાદી નં.૭૯૫/૧૫

ચાંદખેડાઃ વિસ્મય ઉર્ફે બીટી હસમુખભાઈ પરમાર (ઉ.વ.૨૦) (રહે.આસુતોષ ડુપ્લેક્ષ આઈઓસી રોદ ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૨૦/૪/૧૫ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી બળવંતભાઈ શંકરભાઈ ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)